# શંકર

— યશવંત મહેતા

કેટલાક માણસો એવા હોય છે કે, જે નાનપણમાં સદ્‌ગુણો કેળવે છે અને પછી મોટપણે મહાન થાય છે. એમની પાછળની જિંદગીની મહાનતાનાં મૂળ આપણે એમના બાળપણમાં શોધીએ છીએ.

પરંતુ કેટલાક માણસો તો એવા અજબ હોય છે કે જે તદ્દન નાની ઉંમરમાં જ મહાન બની ચૂકેલા જણાય છે, એટલું જ નહિ, સાવ નાની ઉંમરે તો એમનાં અવસાન થાય છે અને છતાં તેઓ ઇતિહાસ પર પોતાની અમીટ છાપ મૂકી જાય છે. આવા માણસોની ગણતરી કરવા બેસતાં સિકંદર, ઇસુ ખ્રિસ્ત, શંકરાચાર્ય વગેરેનાં નામ તરત યાદ આવે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ ત્રણે જણ બત્રીસ વરસની ઉંમરે અવસાન પામ્યા હતા !

આજે આપણે શંકરાચાર્યના બાળપણની કેટલીક વાતો વાંચીશું. ભારતના ઇતિહાસ અને જનજીવનને આ એક માણસે પલટો આપ્યો છે એવો કોઈએ આપ્યો નથી. તમે મોટાં થઈને એમનું આખું જીવનચરિત્ર વાંચજો. ત્યારે સમજાશે કે શંકરાચાર્યે કેવી રીતે ગૌતમ બુદ્ધે શરૂ કરેલી ‘વિચારક્રાંતિ’ અટકાવી હતી અને કેવી રીતે જુનવાણી પરંપરાને ફરી જીવતી કરી હતી.

શંકરાચાર્યના નામે જાણીતા બનેલા આ મહાપુરુષનો જન્મ ઈ.સ. ૭૮૮માં કેરળમાં આવેલા કાલરી નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યામ્બા હતું. પિતા શિવગુરુ યજ્ઞયાગ, ક્રિયાકાંડ, ભોગબલિદાન, જપતપ અને શાસ્ત્રોના અભ્યાસની જૂની રૂઢિમાં મોટા થયા હતા. આ બધાં કામોમાં એ પારંગત હતા.

શંકર એમની પાછલી વયના સંતાન હતા અને ભગવાન શંકરની કૃપાથી પોતાને ઘેર પુત્ર થયો છે એવું માનીને તેમણે પુત્રનું નામ ‘શંકર’ રાખ્યું હતું.

ઘરમાં સંસ્કૃત જપતપનું જ વાતાવરણ હોવાથી શંકર સાવ નાની ઉંમરે જ શ્લોકો, મંત્રો વગેરે શીખવા લાગ્યા. બાળપણથી જ સંસ્કાર પણ એવા પડયા હતા કે તેમની યાદશક્તિ બહુ અદ્ભુત રીતે ખીલી ઊઠી હતી. શંકરને એક વાર સાંભળેલું બધું કાયમને માટે યાદ રહી જતું. બાળક શંકરની આ શક્તિને જોઈને ભલભલા પંડિતો મોંમાં આંગાળાં નાખી જતા.

ઘણી વાર આફત પણ માનવીની અંદર રહેલી શક્તિઓને જગાડવાનું કામ કરતી હોય છે. જે બાળકને દરરોજ નિશાળે મૂકવા મોટરગાડી આવતી હોય તેને બસમાં કે ચાલતાં નિશાળે આવવાનું આવડતું જ નથી. એને મોટરમાર્ગ સિવાયના રસ્તાઓની પણ ખબર પડતી નથી. જ્યારે ગરીબ હાલતમાં જીવતાં બાળકો ગમે તે હાલતમાં રસ્તો કાઢીને નિશાળે પહોંચી જાય છે. તેઓ અનેક ગલીકુંચીઓનાં પણ માહિતગાર બને છે.

શંકરના જીવનમાં પણ કાંઈક આવું જ બન્યું છે. એ ફક્ત ચાર વરસના હતા ત્યારે એમના પિતા શિવગુરુનું અવસાન થયું. હવે શંકર પોતાની માતા તેમજ પિતાનાં થોથાં સાથે એકલા પડયા.

શંકર પાંચ જ વરસના હતા ત્યારે એમનાં માતાએ જનોઈ આપી. એ પછી શંકર એ જમાનાના રિવાજ મુજબ ગુરુ પાસે ભણવા ગયા. બે જ વરસમાં શંકરે પોતાના ગુરુ આપી શકે તેવી બધી વિદ્યા ગ્રહણ કરી લીધી. અને એ વિદ્યા ફક્ત પોપટપાઠની માફક ભણ્યા નહિ પરંતુ એ વિષે ચિંતન કરવા લાગ્યા.

આટલી નાની ઉંમરે પણ એમનું જ્ઞાન કેવું અજબ હતું એનો એક પ્રસંગ છે.

એક વખત શંકર અને કેટલાક છોકરાઓ બગીચામાં ફરી રહ્યા હતા એવામાં થોડાક છોકરાઓને ફૂલોની માળા પહેરવાનું મન થયું. એમણે ફૂલ તોડવા માંડયાં. શંકરે તરત કહ્યું, ‘ભાઈઓ, ફૂલ ન તોડો, ફૂલોમાં પણ જીવ અને ચેતન છે. ફૂલ તોડવાથી એમને દુઃખ થાય છે. એમને છોડ ઉપર રહેવા દો. ત્યાં રહીને તેઓ હસતાં રહેશે અને સુખી રહેશે.’

આટલી નાની ઉંમરમાં જ શંકરને જન્મ અને મરણની સમસ્યા પણ સતાવ્યા કરતી એમના પિતાનું અવસાન એમની ચાર વરસની ઉંમરે થયું હતું એ કદાચ આના કારણરૂપ હશે. પણ એક વાર શંકર આંખો મીંચીને બેઠા હતા ત્યારે માતાએ પૂછ્યું, ‘ભાઈ, આંખો મીંચીને શું કરે છે ?’

શંકરે કહ્યું, ‘માતા, જન્મ અને મરણનું રહસ્ય ખોળું છું.’

ગુરુને ઘેરથી ભણીને પાછા આવ્યા પછી શંકર પોતાના પિતાનાં થોથાં સતત વાંચતા રહ્યા. એમને જ્ઞાન મેળવવા સિવાય બીજી કશી લગની નહોતી. એ જમાનામાં લોકો જ્ઞાનપ્રાપ્તિ માટે સાધુ બની જતા અને ગુરુની ખોજમાં નીકળી પડતા. શંકરે પણ દીક્ષા લઈને સાધુ બનવાની ઇચ્છા જાહેર કરી. માતા એ સાંભળીને ખૂબ ઉદાસ બની ગયાં. એમને તો સંસારમાં શંકર સિવાય બીજું કોઈ સગુંવહાલું નહોતું.

માતાની આ બાબતમાં નારાજગી જોઈને શંકરે સંન્યાસી બનવાનું માંડી વાળ્યું, ફરીથી અભ્યાસમાં મન પરોવ્યું.


એમ કરતાં શંકર અગિયાર વરસના થયા, અને ત્યારે એમને સંન્યાસી બનવા માટે માતાની પરવાનગી મેળવવાની સરસ તક સાંપડી.

એક દિવસ તેઓ ગામની નજીકની અંબિકા નદીમાં નહાવા ગયા. અગિયારશનો દિવસ હતો. બીજા ઘણા લોકો પણ નહાવા આવ્યા હતા. શંકર જરાક ઊંડા પાણીમાં પહોંચ્યા કે તરત નદીમાં રહેતા મગરે એમનો પગ પકડયો. એમણે પગ છોડાવવા માટે ફાંફાં મારવા માંડયાં. બૂમો પણ પાડી. નહાવા આવેલા લોકોએ ચીસાચીસ મચાવી મૂકી. આર્યામ્બા પણ નદીકાંઠે દોડી આવ્યાં.

એટલામાં કોણ જાણે મગરને શું સૂઝ્યું કે એણે શંકરનો પગ છોડી દીધો !

શંકર તરતા તરતા કાંઠે આવ્યા અને માતાને પગે પડયા. બોલ્યા : ‘માતા ! તમે તો મારા જીવવાની આશા જ છોડી દીધી હશે, ખરુંને ?’

આર્યામ્બાએ રડતી આંખે ડોકું ધુણાવીને 'હા' પાડી.



બસ, શંકરને જોઈતું બહાનું જડી ગયું. એ કહેવા લાગ્યા, 'ત્યારે તો માતા ! હવે મને મુએલો જ ધારી લો તો શો વાંધો છે ? મને સંન્યાસી થવાની આજ્ઞા આપો. હું તો આમેય તમારી પાસેથી મરીને ચાલ્યો જવાનો હતો, એને બદલે જીવતો જઈશ.'

માતા ઘણા દિવસથી શંકરને સંન્યાસી બનતા અટકાવી રહ્યાં હતાં. છેવટે એમને જણાયું કે શંકરના મનમાં સંસારની ઉપાધિમાંથી મુક્ત થઈને એકધ્યાનથી જ્ઞાનની સાધના કરવાની તમન્ના જાગી છે. એમણે શંકરને સંન્યાસી બનવાની રજા આપી. માત્ર એટલું જ કહ્યું કે મારા મરણ પહેલાં એક વાર મળી જજે, ભાઈ.

આ પછીનો શંકરનો ઇતિહાસ સતત રઝળપાટ, જ્ઞાનસંપાદન, વાદવિવાદ અને મતખંડનનો છે. એમણે ફક્ત બત્રીસ વરસની ઉંમરમાં તો આખા ભારતમાં હાક બોલાવી દીધી. અનેક નવાં પુસ્તકો લખ્યાં. દેશને ચાર છેડે ચાર મોટા મઠ સ્થાપ્યા. લોકોમાં બ્રાહ્મણવાદને ફરીથી પ્રચલિત કર્યો. ઇતિહાસકારો કહે છે કે જો શંકર જેવા સમર્થ બુદ્ધિશાળી બ્રાહ્મણવાદની સહાયે આવ્યા ન હોત તો ચીન, જાપાન અને અગ્નિ એશિયાના દેશોની જેમ ભારત દેશ પણ બૌદ્ધ ધર્મ પાળતો હોત.

■